

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*કોઈએ લખી આપેલાં ભાષણો વંચાઈ જાય છે,*
*કોઈથી ઉત્સાહમાં, બોલવાથી, બફાઈ જાય છે.*
*સફાઈ થાય છે પછી શબ્દોની તોડમરોડથી -*
*ને આમ જ નેતાઓનું ઉંડાણ મપાઈ જાય છે...*
*(વિદ્વતા નહીં 'વફાદારી'નું મહત્વ)*

હાઈકુ

*આજ ના નેતા,*
*કરે છે ઉદ્‌ઘાટન -*
*જાતનું પણ...*
*(સ્વ પરિચય, લોકાર્પણ)*

*ઈચ્છે છે બધા*
*છાપાં ને સ્ક્રીન પર*
*છવાઈ જવા -*
*(પારકી મહેનતે)*

### ચિંતન

*કયા દિલ મેં રાખીએ, નિર્દય તું કયું હોય,*
*સાંઈ કે સબ જીવ હૈ, કીડી કુંજર રોય.*

**ઉપરોક્ત સાખી કબીરવાણીમાંથી લેવામાં આવેલ છે.** *(સાંઈ = પરમાત્મા, કુંજર = હાથી)*

**કબીર પ્રાણીમાત્ર પ્રત્યે દિલમાં દયા રાખવાનો બોધ આપતા રહે છે. પ્રભુ કીડીથી કરીને હાથી સુધીના તમામ જીવોમાં આત્મા સ્વરુપે વાસ કરે છે. અને આત્મા એ જ પરમાત્મા છે એ સમજી સ્વીકારીને હે માનવી ! તું સર્વ જીવો પ્રત્યે દિલમાં દયા અને પ્રેમભાવ રાખજે, નિર્દય અને ક્રૂર બની પ્રાણીઓની હત્યા કરી નરકનો અધિકારી બનીશ નહીં.**

**તુલસીદાસજીએ પણ કહ્યું છે, સિરારામ મય સબ જગ જાની, કરઉં પ્રમાણ સબ જગ પ્રાણી -**

**બધામાં જીવ-આત્મા સરખો જ છે તેથી નિર્દય બની કોઈની પણ હત્યા ન કરો.**

### સુવિચાર

- સંસારી અને સંતમાં એટલો જ ફરક છે કે સંત આજને સફળ બનાવવામાં વ્યસ્ત છે, અને સંસારી આવતીકાલને સફળ બનાવવામાં મસ્ત છે - **મુનિ તરુણસાગરજી**
- માણસ તો જ સુખી અને સફળ થઈ શકે જો એ પોતાની જાત સાથે માનસિક રીતે વફાદાર હોય - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આપણો ઈતિહાસ એ કંઈ આપણી નિયતિ નથી - **જનકલ્યાણ**
- જે કામ તમે તમારી ખુદની પરવાનગીથી કરેલી હોય તેના કયારે પણ ફરિયાદ ન કરો - **એન્થની ડી મેલો**
- તમને જે પ્રશ્નો થાય છે, તેના જવાબો તમારી અંદર જ છે, બીજાનો ઉધાર પ્રકાશ ન લો, તમારો ખુદનો જ પ્રકાશ પ્રગટાવો - **જાપાની કહેવત**
- શ્રેષ્ઠત્વ તો કદી ન પૂરી થનારી યાત્રા છે - **જાપાની કહેવત**
- આજનું ઔષધ : અજમાનો ભૂકો કરી સરખા ભાગે સંચળ નાખીને ફાકવાથી કબજીયાત મટે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

ગુરુ તેગબહાદુરના શિષ્ય હતા મનજીત સિંઘ. તેઓ સરળ અને સાલસ હતા. વૃદ્ધ હતા. આનંદપુરમાં લડાઈ થઈ ત્યારે તુર્કોએ આક્રમણ કર્યું. એ વખતે મનજીતસિંઘે રણભૂમિમાં જઈ ઘાયલ થયેલા જખ્મી સૈનિકોને પાણી પીવડાવવાની સેવા સ્વેચ્છાએ સ્વીકારી હતી. આ સેવા તેઓ પૂરી નિષ્ઠાથી નિભાવતા દૂર દૂરથી પાણી સીંચીને દરેક ઘાયલ સૈનિકને પાણી પીવડાવતા. આમ કરવામાં તેઓ મિત્ર-દુશ્મનનો ભેદભાવ પણ રાખતા નહીં.

કેટલાક શિષ્યોએ ગુરુજીને ફરિયાદ કરતા કહ્યું, 'આ મનજીતસિંઘ તો શત્રુઓને પણ પાણી પીવડાવી આપણી વિરુદ્ધ લડવા તૈયાર કરે છે.' ગુરુ તેગ બહાદુરે તરત મનજીતસિંઘને રૂબરૂ મળવા બોલાવ્યા પૂછ્યું, 'શું રણમેદાનમાં તમે ઘાયલ શત્રુ સૈનિકોને પણ પાણી પીવડાવો છો ?'

તેગબહાદુર સામે જોઈ જરાયે ગભરાયા વિના મનજીતસિંઘ બોલ્યા, 'હું તો જયાં જયાં જોઉં છું ત્યાં ત્યાં ઈશ્વર તને જ જોઉં છું, મને તો કોઈ પરાયું દેખાતું જ નથી, રણમેદાનમાં પણ હું તને (ઈશ્વરને) જ પાણી પીવડાવું છું.'

ગુરુ તેગ બહાદુર મનજીતસિંઘ પર પ્રસન્ન થયા અને મલમનો એક મોટો ડબ્બો આપીને કહ્યું, 'જાઓ, અને હવે જરૂર પડે ત્યારે જખમી સૈનિકોને આ મલમ પર લગાવજો.'

# પ્રસંગ ટાણે લાગણીનો અતિરેક ટાળીએ

**તંત્રીસ્થાનેથી...**

આપણે ઘેર પ્રસંગ હોય, આખુંય ઘર-પરિવાર ઉત્સાહમાં હોય ને એવા સમયે કોઈ સગા-વહાલા તરફથી ફરિયાદનો સૂર આવે, અસંતોષની લાગણી આવે કે રોષ પ્રગટ કરીને ઝઘડા સુધી વાત પહોંચી આવે એવા પ્રસંગો આપણે સૌએ જોયા છે અને આપણામાંથી ઘણાએ તો અનુભવ્યા પણ છે. ઘરમાં સારો પ્રસંગ હોય ત્યારે વહાલાઓને તો ઠીક, પરંતુ સગાઓને બહુ તકલીફ પડતી હોય એવું આપણે જોયું છે. સાવ નાની-નાની બાબતોમાં કે જેને આપણે સામાન્ય સંજોગોમાં હસી નાખીએ એવી બાબતોના કારણે સારા પ્રસંગોમાં ધમાચકડી મચી જાય છે અને પ્રસંગની મીઠી યાદો સાથે આ કડવી વાત પણ પરિવારજનોને કાયમ માટે યાદ રહી જાય છે. વળી, આવી માઠી યાદ કાયમ મનમાં રહી જતી હોવાથી તેના કારણે પછી સંબંધોમાં પણ કાયમી ખારાશ આવી જતી હોવાનું આપણે જોયું કે અનુભવ્યું છે. આ આખીય વાતમાં સત્ય માત્ર એટલું જ છે કે જે ઘરમાં કે પરિવારમાં પ્રસંગ હોય ત્યાં પોતાનું પણ મહત્ત્વ હોવું જોઈએ, સચાવાવું જોઈએ એવી લાગણીથી સગાઓ પીડાતા હોય છે અને આ જ લાગણીના આવેશમાં કે ઊભરામાં એ લોકો એટલા સંવેદનશીલ થઈ જાય છે કે પ્રસંગની મજા ખારી કરી નાખે છે. સામે પક્ષે જેમના ઘરમાં પ્રસંગ હોય છે એ કુટુંબીઓ પણ લાગણીની પરાકાષ્ટા અનુભવી રહ્યા હોય છે. એ લોકો એટલા સંવેદનશીલ બની ગયા હોય છે કે લાગણીનું નાનું વાવાઝોડું પણ તેમને અશાંત કરી મૂકે છે ને પરિણામે વાત બગડતાં વાર નથી લાગતી. આમ, એક પક્ષે લાગણીના ઊભરાથી પીડાતા સગાઓ અને બીજી તરફ લાગણીની પરાકાષ્ટા અનુભવતા કુટુંબીઓ પરસ્પર વિખવાદ કરી બેસે છે. અને પ્રસંગ પૂર્ણ થઈ ગયા પછી પણ આ કારણે તેમની વચ્ચેના સંબંધો મીઠાશ ગુમાવી બેસતા હોય છે. આવી જ પરિસ્થિતિ હાલ વિવિધ સામાજિક સંગઠનોની થઈ રહી છે. આપણા રાજ્યના આંગણે ચૂંટણીનો પ્રસંગ આવીને ઊભો છે ત્યારે વિવિધ સામાજિક, રાજકીય, યુવક સંગઠનો લાગણીના અતિરેક પર આવીને ઊભાં છે. એમનાં હૃદયોમાં લાગણીનો એવો ઉછાળો આવીને ઊભો છે કે પોતાનું મહત્ત્વ સિદ્ધ કરવા, મનાવવા માટે તેઓ રાજકીય પક્ષોને દબાણ કરી રહ્યાં છે. તો સામે પક્ષે રાજકીય પક્ષો પણ લાગણીની પરાકાષ્ટા પર જીવી રહ્યા છે. વળી, તેમની સામે આવાં અનેક સંગઠનોને સંતુષ્ટ કરવાનો પડકાર આવીને ઊભો છે. આ કારણે ક્યારેક કોઈ સંગઠનને અન્યાયની લાગણી થાય એવું બની શકે છે. આવી લાગણીનો અનુભવ કરતા કોઈ સંગઠન દ્વારા શક્તિ પ્રદર્શન, રેલીઓ, મેળાવડા, સભાઓ યોજવામાં આવે ને અમુક-તમુક પક્ષથી માંડીને મતદાન સુધીનો વિરોધ કરવામાં આવે તેવું બની શકે છે. આવું ન બને તેનું ધ્યાન રાખીએ. લોકશાહી દેશમાં ચૂંટણી એ પ્રસંગ છે, જરૂરિયાત છે. એની ઉજવણી કરીએ. આ ઉજવણી વેળાએ લાગણીના અતિરેકમાં આવીને કે લાગણીના ઊભરાથી તણાઈને આ પ્રસંગની શોભા ને પ્રસંગ પછીની કાયમી શાંતિનો ભંગ ન થાય તે જોવાની જવાબદારી પ્રત્યેક નાગરિકની છે.

# ચૂંટણી લડતા ઉમેદવારોની તમામ વિગત જાણવાનો મતદારોને બંધારણીય હક્ક



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

તાજેતરમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે આવા સમયે ચૂંટણી લડતા ઉમેદવારો વિશે મતદારો જાણવા માંગતા હોય એ સ્વાભાવિક છે. ચૂંટણીમાં ઉમેદવારી કરનાર ઉમેદવારની મીલ્કત, સંતાનો, પત્ની તથા તેમની વિગતોની માહિતી જાણી મતદાતા મતદાન કરતા હોય છે. ઉમેદવાર ઉપર ફોજદારી ધારાની કોઈ કલમ તો લાગેલ નથી ને ? કે કોઈ કેસમાં સંડોવાયેલા તો નથી ને? તેમજ આવા કેસોમાં સજા પામેલ છે કે કેમ? ઉમેદવાર રીવોલ્વર કે હથીયારની તેમજ દારૂની પરમીટ લાયસન્સ ધરાવે છે કે કેમ?

ઈલેકશન કમિશ્નર ઓફ ઈન્ડીયા દ્વારા નક્કિ કર્યા મુજબ વિધાનસભા, લોકસભામાં ઉમેદવારી કરનાર ઉમેદવારોએ રીપ્રેઝેન્ટેટીવ ઓફ ધી પીપલ એકટ-૧૯૫૨ તથા ૧૯૬૧ ની કંડકટ ઓફ ઈલેકશન રૂલ-૧ ૩૭ની જોગવાઈ મુજબ ઉમેદવારી પત્રક સાથે સોગંદનામું પણ રજુ કરવું ફરજીયાત હોય છે જેમાં તમામ વિગતો દર્શાવવી ફરજીયાત છે જેવી કે પરણિત, અપરણિત, છુટાછેડા, વિધુર, વિધવા કે ત્યકતાના સ્ટેટસ પણ ભરવા ફરજીયાત છે. નરેન્દ્ર મોદી જયારે ચૂંટણી લડ્યા ત્યારે તેમના વિધાનસભાના ફોર્મ તથા લોકસભાના ફોર્મની વિગતો તથા સોંગદનામાની વિગત અલગ દર્શાવતા ખૂબ જ વિવાદ થયેલો ત્યારબાદ ઈલેકશન કમિશ્નર ઓફ ઈન્ડીયાએ ફોર્મના તમામ ખાના ફરજીયાતપણે ભરવા તથા સોંગદનામામાં તમામ વિગતો જણાવવાની સૂચના આપેલ છે. ગુજરાતમાં દારૂબંધી છે તેમ છતાં કેટલાક ઉમેદવારો તથા ચૂંટાયેલા ધારાસભ્યો, સંસદ સભ્યો હેલ્થ પરમીટ ધરાવતા હોવાની વિગતો પાછળથી જાહેર થતા આ મુદ્દો પણ ચગાવવામાં આવેલો. ભાજપના ત્રણ તથા કોંગ્રેસના એક સંસદ સભ્ય પાસે પરમીટ છે તેથી તારીખ : ૨૦/૯/૨૦૧૭ ના રોજ ચૂંટણી કમિશ્નરને ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન કરતા ચંદ્રવદન ધ્રુવે અરજી કરી વિગતો ફરજીયાત કરવા અરજ ગુજારેલ છે હાલમાં આવી બાબતો ફરજીયાત કરવાનો નિર્ણય હાઈકોર્ટમાં પેન્ડીંગ છે.

અરજદારે વધુમાં જણાવ્યું છે કે રાજકારણમાં ઉમેદવારની ઉંમર બાધ રાખવામાં આવતી ના હોય વયોવૃધ્ધ તેમજ હૃદય રોગ તથા ગંભીર બિમારી ધરાવતા ઉમેદવારો પણ ઉમેદવારી કરે છે અને જો ચૂંટાઈ આવે અને ચાલુ સત્ર પુરૂ થયા પહેલા અચાનક મૃત્યુ પામે તો તેવા સંજોગોમાં ફરીથી ચૂંટણી લાવી તેનો ખર્ચ પણ પ્રજાના માથે આવે છે પ્રજાએ સરકારને ચુકવેલ ટેક્ષમાંથી આવો ખર્ચ સરકાર કરે છે જે વિના વાંકે પ્રજાને સહન કરવું પડે તે માટે ઉમેદવારની સંપૂર્ણ વિગતોમાં આરોગ્યની વિગતો પણ ફરજીયાત દર્શાવવા પીટીશનમાં જણાવેલ છે. દરેક ઉમેદવારે પોતાને થયેલા રોગ વિશે સોંગદનામામાં જણાવવું ફરજીયાત કરવા અરજ ગુજારેલ છે જે મુદ્દો પણ નિર્ણયપાત્ર છે.

અરજદારની આવા તમામ પ્રકારના મુદ્દાઓ સાથેની અરજીનો ઈલેકશન કમિશ્નરને સંતોષકારક જવાબ ના આપતા અરજદારે ના છૂટકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો સહારો લીધો છે જેની મુદતમાં ઈલેકશન કમિશ્નરને નામદાર કોર્ટે જવાબ રજુ કરવા નોટીસ કાઢી સુનવણી મુકરર કરેલ છે. ટૂંક સમયમાં જ ઉમેદવારોની યાદી જાહેર થતા ફોર્મ ભરવામાં આવશે તેવા સંજોગોમાં આ પીટીશનનો નિકાલ ફોર્મ ભરવાની મુદત પહેલા થવો જરૂરી જ નહિ ન્યાયોચીત જણાતા નામદાર ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે તા. ૧૫/૧૧/૨૦૧૭ ની મુદત સુનવણી માટે મુકરર કરી છે.

ભારતના બંધારણની કલમ ૧૯(૧)(અ) મુજબ ચૂંટણી લડતા કોઈપણ ઉમેદવારની વિગતો જાણવાનો મતદારોને અબાધીત બંધારણીય હક્ક, અધિકાર છે તેથી આ જોગવાઈઓનો અમલ ના કરવામાં આવે તો બંધારણની જોગવાઈઓના ભંગ સમાન છે.

એકતરફ ગુજરાતમાં દારૂબંધી છે તેવા સંજોગોમાં ચૂંટણી લડતા ઉમેદવારો જ પરમીટ ધરાવતા હોય તો કેટલા અંશે વ્યાજબી છે પ્રજાના લોક સેવકો પ્રજાને દારૂબંધીની શું સલાહ આપશે કે અમલ કરાવશે આવી અપેક્ષા ઉમેદવાર પાસે રાખવી વ્યર્થ હોય આ મુદ્દો ફરજીયાત કરવો જોઈએ એક તરફ દરેક પક્ષોના પોતા મેનીફેસ્ટોમાં દારૂબંધી પાળશે તેમ જણાવે છે. સમગ્ર મામલો ચંદ્રવદન ધ્રુવે પાર્ટી ઈન પરસન તરીકે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરતા તથા તે અગાઉ ચૂંટણી કમિશ્નરને આ આ બાબતનો જવાબ આપવા અરજ ગુજારતા ચૂંટણી કમિશ્નરે અરજદારને સંતોષકારક જવાબ ના આપતા જાહેર હિતની અરજી ગુજારવાની ફરજ પડી છે તેવું કારણ દર્શાવી અરજદારે સુનવણી માંગે છે જો ચૂંટણી પૂરી થાય ત્યારબાદ અરજીનો નિર્ણય કરવામાં આવે તો અરજીનો કોઈ જ અર્થ રહે નહિ. ભારતમાં ઘણા બધા કેસો નામદાર કોર્ટમાં પેન્ડીંગ છે જે બાબત અંગે કેસ કરેલ હોય તે કારણ જ ના રહે ત્યારબાદ જ ચુકાદાઓ આવે છે જેનો કોઈ જ અર્થ સરતો ના હોય હાલની અરજની સુનાવણી તથા ચુકાદો ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ફોર્મ ભરતા પહેલા આવવો ન્યાયોચીત છે જોવાનું એ છે કે શું તમામ ઉમેદવારો સચ્ચાઈથી, ઈમાનદારીથી તમામ વિગતો દર્શાવી ચૂંટણી લડશે કે આ વિવાદ વધુ વકરશે.

# મૃત્યુ ના જતું રહે ધ્યાન રાખું છું, મારા હર એક શ્વાસને સાવધાન રાખું છું

**આજથી અમે આ પૃથ્વીના સૌ માનવો ભેગા થયા છીએ,**
**તારા ઘરની સામે ધરણાં કરી બેઠાં છીએ.**
**હવે અમે નિર્બળ નથી,**
**હવે અમે તારી જોહુકમી નહીં ચલાવી લઈએ.**
**તું જવાબ નહીં આપે ત્યાં સુધી,**
**અમે સૌ આમરણાંત ઉપવાસ પર ઊતરશું.**
**તારે અમારી શરતો સ્વીકારવી જ પડશ,**
**આજથી કાલાઘેલા શબ્દો હોઠ પર હજી ભીના ભીના છે.**
**એ હોઠોને તું હંમેશ માટે ચૂપ નહીં કરે,**
**એકબીજાની આંખના આકાશમાં કલ્લોલ કરતાં**
**પતિ-પત્નીના યુગલમાંથી એકને**
**તું નિષ્ઠુર થઈ વીંધી નહીં નાખે.**
**પપ્પા-મમ્મી, મમ્મી-પપ્પા બોલી બોલી**
**ઘરમાં ફરી વળતા ખુશખુશાલ બાળકને**
**ધરતીને કોઈ પણ ખૂણે પપ્પા કે મમ્મી મળે જ નહીં**
**એવો તું કયારેય નિર્દય નહીં થાય.**
**આજથી હવે અમે તારા કહેવાથી**
**અહીંથી ખસીશું નહીં.**

**- વિપીન પરીખ**

જીવન અને મૃત્યુ એ સંસારનો ક્રમ છે અને એનું ચક્ર અવિરતપણે ગતિમાન રહીને આ સંસારચક્રનું સંચાલન કરે છે. બાળક જન્મે ત્યારથી આપણે સૌ જાણતા જ હોઈએ છીએ કે એક દિવસ એ મૃત્યુ પણ પામશે. જેનો આરંભ ખુશખુશાલ અને ઊજવણીપૂર્વક થયો હોય છે તેનો જ અંત રોક્કળ અને વિષાદના અશ્રુઓથી જ થાય છે. આ સંસારનો નિયમ છે. આપણે સૌ આ હકીકતથી સદીઓથી વાકેફ છીએ અને તેમ છતાં મૃત્યુનું દુઃખ કયારેય ઓછું થતું નથી. મૃત્યુ એ જીવનનું કડવું અને આકરું સત્ય છે. પણ દરેકને સમયના કે ઉંમરના કોઈ પણ તબક્કે તેનો સામનો કરવા સજ્જ રહેવું જ પડે છે.



'મૃત્યુ એ ભયાનક અને બિહામણું લાગતું સત્ય હોવાનું કારણ માત્ર એટલું જ છે કે આપણે એ વિષે કશું જ જાણતા નથી. હા, અલબત્ત આપણા ગ્રંથોમાં, શાસ્ત્રોમાં કે પૂર્વજોના મોઢે આપણે અનેક વાયકાઓ વાંચી તેમજ સાંભળી છે. પણ આજે પણ મૃત્યુ પછી શું છે એ રહસ્ય કોઈ જાણી શક્યું નથી. જે રીતે બાલ્યાવસ્થા, વૃદ્ધાવસ્થા એમ જીવન તબક્કાવાર જીવાયા કરે છે તેમ જ મૃત્યુ પણ તેના નિયત સમયે આવી જ જાય છે. પરંતુ, એના સમય, સ્થળ કે પરિસ્થિતિ અંગે આપણે સૌ અજાણ હોઈએ છીએ માટે તેને જીરવવું મુશ્કેલ જણાતું હોય છે. દરરોજ દુનિયામાં અસંખ્ય બાળકો જન્મે છે અને સામે અનેક લોકો મૃત્યુ પણ પામે છે. દરેકના મૃત્યુનો શોક આપણા મન પર એકસરખો થતો નથી. પરંતુ, આપણી આસપાસના કે અંગત સંબંધમાં રહેલી વ્યક્તિ જયારે મૃત્યુ પામે છે ત્યારે તેની વેદના આપણને ખૂબ કારમી અને અસહ્ય પીડા આપી જાય છે. આપણે જીવન જીવી તો લઈએ છીએ પણ એ અંગત વ્યક્તિનો ખાલીપો આપણને સતત ડંખ્યા કરે છે અને આપણે તેના વિરહમાં સતત ઝૂર્યા જ કરીએ છીએ. ઝંઝાવાતી જીવનના રોજબરોજના સંઘર્ષો અને આત્મીયજનની વિદાય જીરવી જઈને આપણે જીવી તો જઈએ છીએ પણ આપણી મનોદશા કંઈક આવી હોય છે :



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

**'પળોપળ બળીને જ જીવ્યો છું,**
**મર્યા બાદ બાળીને કરશો શું ?**
**મને લઈ જશો ના સ્મશાનમાં,**
**દઈ દેજો દેહ આ દાનમાં.'**

**- વિવેક મનહર ટેલર**

જીવન અને મૃત્યુનો સાર પામવા કંઈ કેટલાય તપસ્વીઓ તપ કરી રહ્યા છે. પણ સામાન્ય વ્યક્તિને મન અંગત સ્વજનનું મૃત્યુ જીરવવું એ તેના જીવનની સૌથી મોટી કરુણતા હોય છે. ઉંમરના અંતિમ તબક્કે અને સમયાનુસાર વૃદ્ધાવસ્થાને કારણે થતું મૃત્યુ કદાચ જીરવી પણ જવાય પરંતુ અકાળે અવસાન પામનાર સ્વજનની વિદાય જીવનને વ્યર્થ બનાવી જાય છે. ઈશ્વર પરથી અને સંસારના તમામ અન્ય સંબંધો પરથી પણ વ્યક્તિની શ્રદ્ધા ઘણીવાર ડગી જાય છે. તે વિલાપ કરીને, બળાપો કાઢીને થાકી ન જવાય ત્યાં સુધી ઈશ્વરને પ્રશ્ન કર્યા કરે છે કે આવું તેની સાથે જ શા માટે ? યમરાજની સામે ઢાલ બનીને ઊભા રહી જવાનો વિચાર વાસ્તવિક દૃષ્ટિએ શક્ય ન હોવા છતાં તે મનમાં સતત આજીજી અને વિનવણી કરીને પ્રિયજનના મૃત્યુથી બચવા યમરાજને વિનવ્યા કરે છે. જેનું મૃત્યુ થાય છે તે શોક, દુઃખ અને એવી તમામ ભાવનાઓથી મુક્ત બની જાય છે અથવા તો તેનું શું થાય છે તે બાબતથી આપણે અજાણ હોવાથી તેમ ધારી લઈએ છીએ. પણ અહીં સંસારમાં લડવા માટે જયારે એકલા રહી જવાય ત્યારે તે દુઃખ આપણને ખૂબ અસહ્ય અને મૂંઝાવી દેનારું અનુભવાય છે.

મૃત્યુ એ આપણા સૌના જીવનનો એક એવો પડાવ છે કે જે કયારે આવશે, આવ્યા બાદ આપણને કયાં લઈ જશે એ કોઈ જ બાબતોની આપણને જાણ નથી. માટે મૃત્યુ વિષે વધુ વિચારવું નિરર્થક છે પરંતુ જીવન વિષે અને જે આપણા હાથમાં મળેલી છે તે અમૂલ્ય ક્ષણો અને સંબંધો વિશે વધુ જાગૃત બનીને પળેપળને માણીએ તો મૃત્યુને પણ મહોત્સવ બનાવી શકાશે.

*Last Seen -*
'મૃત્યુ ના જતું રહે ધ્યાન રાખું છું,
મારા હર એક શ્વાસને સાવધાન રાખું છું.'

**- nehalgadhavi101@gmail.com**

# ભાજપની ડૂબતી નૈયાના એકમેવ તારણહાર નરેન્દ્ર મોદી



ભાથામાંથી તીર નીકળી ગયાં છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી હવે માથે આવીને ઊભી છે ત્યારે સત્તારૂઢ ભારતીય જનતા પક્ષની નેતાગીરીના બે દાયકાના શાસનમાં પહેલી વાર કેન્દ્ર અને રાજ્યોમાં સત્તા મેળવનાર ભાજપના હાંજા ગગડી જાય એવો માહોલ સર્જાયો છે. ઘોષણાઓ તો '૧૫૦ પ્લસ' ના મિશનની કરાતી હતી, પણ હવે ''ત્રણ ચતુર્થાંશ'' એટલે કે ૧૮૨ બેઠકોમાંથી ૧૩૬ બેઠકો મળવાની વાતો કે ''બે તૃતીયાંશ'' એટલેકે ૧૨૧ બેઠકો મળવાની વાતો ભાજપી નેતા કરવા માંડ્યા છે. પ્રજામાંનો આક્રોશ સત્તાપક્ષને ભૂ પાઈ દેવા માટે મોઢું વકાસીને ઊભો છે. આંદોલનકારી નેતાઓને ભાજપમાં ભેળવવાના લાખ પ્રયાસ છતાં એમણે સાગમટે 'ભાજપને પાડી દ્યો'નો મંત્ર પ્રજાને જનસભાઓમાં આપ્યો છે. વડાપ્રધાનો ભૂતકાળમાં સામાન્ય રીતે સમગ્ર ચૂંટણી દરમિયાન માંડ ચાર-પાંચ સભાઓ યોજાતા રહ્યા છે, પણ આ વખતે ભૂતકાળમાં સૌથી વધુ બેઠકોના માધવસિંહ સોલંકીના વિક્રમને તોડવાના દાવા કરનાર ભાજપના નેતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યેક વિધાનસભા મતવિસ્તારમાં બબ્બે ચૂંટણીસભા સંબોધવાના છે એટલે કે કુલ લગભગ ૭૦ સભાઓ સંબોધશે !

અગાઉ પાટીદાર અનામત આંદોલને જિલ્લા પંચાયતોની ચૂંટણીઓમાં કૉંગ્રેસની 'ભાજપી ટીમ'ના નેતા શંકરસિંહ વાઘેલા પક્ષમાં હતા ત્યારે પણ ૩૩માંથી ૨૬ જિલ્લા પંચાયતો કૉંગ્રેસને અપાવી હતી. ઓબીસી ઠાકોર સેનાના નેતા અલ્પેશ ઠાકોર ભાજપી સરકાર સમક્ષ રજૂઆતો કરતા રહ્યા અને સાનુકૂળ પ્રતિસાદ નહીં મળતાં જ રાહુલ ગાંધીની ઉપસ્થિતિમાં ઠાકોર સેનાનું સંધાણ કૉંગ્રેસ સાથે કરી બેઠા છે. દલિત આંદોલનના અગ્રણી જિજ્ઞેશ મેવાણી છડેચોક કૉંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને મળ્યાનો સંતોષ વ્યક્ત કરે છે. ચોથા આંદોલનકારી નેતા પ્રવીણ રામ પણ ભાજપની મૂંઝવણ વધારી રહ્યા છે. કારડિયા રાજપૂત સમાજ, ભાજપના પ્રદેશ પ્રમુખ અને ધારાસભ્ય જિતુ વાઘાણીના ગોચરની જમીનના કથિત પ્રકરણ અને સરપંચ દાનસંગ મોરીની કનડગતના મુદ્દે હજારોની સંખ્યામાં ઊમટીને, ભાજપવિરોધી ટંકાર કરે છે. પાટીદાર યુવાનેતા હાર્દિક પટેલ પર કાદવઉછાળની કોશિશો કરવામાં આવી રહ્યા છતાં એની સભાઓમાં લાખ-લાખની સંખ્યામાં સર્વ સમાજના લોકો ઉમટે છે. સત્તાધારી પક્ષના નેતાઓની સભાઓમાં ૯૦૦-૯૦૦ બસો મૂકાયા મૂકાયા છતાં જનમેદની ઊમટતી નથી. સંકેતો સ્પષ્ટ છે છતાં ભાજપની અંતિમ આશા સમા વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૩૩ જિલ્લામાં અને મહાનગરોમાં પ્રચાર સભાઓ કરીને ભાજપના તારણહાર બનશે, એવી આશા હજુ અમર છે. ગુજરાતની પ્રજા જાગી છે. પ્રશ્નો પૂછતી થઈ છે. ધાર્મિક કે સામાજિક વિવાદના મુદ્દે હવે બાઝતી નથી. વિકાસની ઠાલી વાતોથી ભરમાતી નથી. સત્તારૂઢ પક્ષના વંશવાદને નિહાળીને ભોળવાતી નથી.

- સત્તામાં આવવામાં હાંફ અનુભવતા વડાપ્રધાન ન ભૂતો ન ભવિષ્યતિ વિક્રમી સભાઓ યોજશે
- સરકારવિરોધી આંદોલનકારીઓની સભાઓમાં ઉમટતી જનમેદનીએ સત્તાધીશોના હાંજા ગગડાવ્યા
- રાહુલ ગાંધીની પપ્પુની છબિ બનાવી દેવાઈ હતી, હવે એ જ ઘાવ ભાજપએ ઝીલવા પડે છે
- સદનસીબે ગુજરાતની પ્રજા પ્રશ્ન પૂછતી થઈ છે, જાગતી થઈ છે એટલે જ લોકશાહી ટકવાની છે

**કૉંગ્રેસ ભણીનાં તીર બૂમરેંગ થવા માંડ્યાં**



**અતિતની આજ**
**ડૉ. હરિ દેસાઈ**

ભાજપ ગુજરાતમાં ૧૯૯૮થી લગાતાર સત્તામાં છે. એ પહેલાં પણ ૧૯૯૦-૯૧માં અને ૧૯૯૫-૯૬માં એણે શાસન કર્યું છે. યુવાનોની નવી પેઢીએ કૉંગ્રેસનું રાજ્ય જોયું નથી. જે અજંપો સમાજમાં નિર્માણ થયો છે એના ઉકેલની જવાબદારી સંપૂર્ણપણે ભાજપની છે. હવે તો કેન્દ્રમાં પણ ભાજપની સરકાર છે. એટલે દિલ્હીની સલ્તનત અન્યાય કરી રહ્યાનો અગાઉની ચૂંટણીઓમાં ગજવાતો મુદ્દો પણ નિરર્થક બની ગયો છે. સોશિયલ મીડિયામાં અગાઉ કૉંગ્રેસના યુવા નેતા રાહુલ ગાંધીની છબિ પપ્પુની બનાવી દેવાઈ હતી, પણ હવે એ જ ઘાવ ભાજપની નેતાગીરીએ ઝીલવા પડે છે. કૉંગ્રેસના નેતાઓ પ્રશ્નો ઊઠાવે છે ત્યારે એમનાં કેન્દ્ર અને રાજ્યનાં જૂનાં કરતૂતોનો આલાપ ભાજપી નેતા આક્રમક રીતે કરે છે, પણ જનતા હૈ કિ સબ કુછ જાનતી હૈ, વિકાસ કોનો થયો, એ પ્રશ્ન પૂછતી થઈ છે. જય અમિત શાહ કે શૌર્ય અજિત ડોભાલનાં કથિત કૌભાંડોના પ્રશ્નોના ઉત્તરો વાળવાને બદલે એમને અદાલતે પુરાવા સાથે જવાનું કહેવામાં આવે છે. ભાજપના એ જ નેતા કૉંગ્રેસનાં કથિત કૌભાંડો વિશે આક્ષેપ કરતા અને પુરાવા સાથે અદાલતે જવાનું ટાળતા એ વાતને વિસારે પાડે છે. કૉંગ્રેસના શાહજાદા કે યુવરાજ રાહુલ ગાંધીની છબિ મલિન કરવાના પ્રયાસો બૂમરેંગ થતા જાય છે. કાલ ઊઠીને ચૂંટણીનાં પરિણામ કૉંગ્રેસને જીતાડે કે હરાવે, પણ આજે તો આ યુવરાજની સેનાએ કેન્દ્ર અને રાજ્યના સત્તાપક્ષની નીંદર હરામ કરી મૂકી છે. સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના રાહુલ ગાંધીના પ્રવાસને મળેલા જનપ્રતિસાદે ભાજપની નેતાગીરીને રીતસર ઘાંઘી કરી મૂકી છે. હજુ ઉત્તર ગુજરાતનો રાહુલનો પ્રવાસ યોજાવાની જાહેરાત માત્રથી સત્તારૂઢ પક્ષમાં ખળભળાટ મચ્યો છે. ભાજપ થકી કૉંગ્રેસ 'સોફ્ટ હિંદુત્વ' ભણી પાછી ફરી રહ્યાની વાતને ચગાવવામાં આવી રહી છે ત્યારે રાહુલના દાદીમા ઈંદિરા ગાંધી અંબાજીના દર્શન કરીને ગુજરાતમાં પ્રચારના શ્રીગણેશ કરતાં એ વાતને અનુકૂળતાએ વીસારી દેવાય છે.

**સામાજિક અને કોમી એખલાસનું વાતાવરણ**

સત્તારૂઢ પક્ષની નેતાગીરી સવાર-સાંજ 'આંદોલનકારીઓ સામાજિક અને ધાર્મિક વિભાજનો કરાવી રહ્યાની' માળા જપતી હોવા છતાં સદનસીબે આખા ગુજરાતમાં આંદોલનકારી નેતાઓની જાહેર સભા સહિતના કાર્યક્રમોમાં સર્વસમાજ અને સર્વધર્મ માટેના સમભાવનો માહોલ અકબંધ રહ્યાનું સ્પષ્ટ થાય છે. સત્તાપક્ષ સાથે જોડાઈ ગયેલા અને આંદોલનમાંથી તોડવામાં આવેલા કેટલાક નેતાઓ થકી આંદોલનકારી નેતા ત્રિપુટી સામે આક્ષેપો કરાવાય છતાં સમાજ પર એની ઝાઝી અસર વર્તાતી નથી. પાટીદાર નેતા હાર્દિક પટેલની પ્રત્યેક જનસભામાં પચાસ હજારથી લાખ સુધીની જનમેદની સ્વયંભૂ ઊમટે છે, જ્યારે સત્તાધીશોની સભાઓમાં સરકારી તંત્રના પ્રત્યક્ષ-પરોક્ષ ઉપયોગ છતાં પણ ખુરશીઓ ખાલી જોવા મળતી હોવાના વીડિયો વાયરલ થયા છે. નવાઈ તો એ વાતની છે કે, અગાઉ સુરતમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની સભામાં ખુરશીઓ

**અનુસંધાન પાના નં. ૫ પર**